# <u>સકસેસ સ્ટોરી (૧)</u>

**<u>કેસ નં.૨૯૧/૨૦૦૮</u>**

અરજદાર: શ્રીમતી ભાનુબેન રામજીભાઈ ચુડાસમા
જુનાગઢ
વિ.
કમિશ્નરશ્રી, જુનાગઢ મહાનગરપાલિકા કચેરી, જુનાગઢ

અરજદારશ્રી સંસ્થામાં સફાઈ કામદાર તરીકે સને ૧૯૭૮ થી ફરજ બજાવતા હતા. સંસ્થાના સેવાકાળ દરમ્યાન તેમને ૭૫% શારિરીક વિકલાંગતા આવતાં , સંસ્થાએ તેમને નોકરીમાંથી છુટા કરેલ. ત્યાર પછી અરજદારશ્રીએ વિકલાંગ ધારા, ૧૯૯૫ની કલમ–૨(ટી), ૪૭, ૬૧, ૬૨, ૬૩ હેઠળ ન્યાય મેળવવા આ કોર્ટમાં પ્રતિવાદી સામે ફરિયાદ દાખલ કરેલ. તે ફરિયાદના આધારે આ કોર્ટ દવારા કેસ નં.૨૯૧/૨૦૦૮ કેસ દાખલ કરીને ઉપરોકત વાદી ઓ પ્રતિવાદી બંન્ને પક્ષની હાજરીમાં કમિશ્નરશ્રીએ સુનાવણી રાખેલ. સુનાવણીમાં વાદીએ જણાવેલ છે કે તેઓ શારીરિક વિકલાંગતાના કારણે નોકરીમાં હાજર થવા માટે સક્ષમ ન હોવાથી તેમના બેરોજગાર પુત્રને નોકરીમાં સમાવેશ કરવા માટે આ કોર્ટ અને સંસ્થાને અરજ કરેલ. ખરેખર રીતે વિકલાંગ ધારા ૧૯૯૫ ની કલમ–૪૭ માં એવી કોઈ જોગવાઈ નથી કે અરજદારની જગ્યાએ તેમના પુત્ર કે અન્ય કોઈ સગાને અરજદારની જગ્યાએ નોકરીમાં સમાવેશ કરી શકાય. છતાંય કમિશ્નરશ્રીની દરમ્યાનગીરી અને પ્રતિવાદી સંસ્થાના હકારાત્મક વલણ અને સેવાકાળ દરમ્યાન થયેલ વિકલાંગ બેનની સંવેદનશીલતા ધ્યાને લઈ માનવીય અભિગમ દાખવી વિચાર કરીને અરજદારશ્રીની પ્રાર્થના મુજબ તેમના પુત્રને સંસ્થાએ નોકરીમાં સમાવેશ કરીને વિકલાંગ લોકો તેમજ વિકલાંગ ધારા ૧૯૯૫ પ્રત્યે ખુબ જ યોગ્ય નિર્ણય લીધેલ છે. જેનો અમલ થયેલ છે.

આ કિસ્સામાં નોકરીના સેવાકાળ દરમ્યાન વિકલાંગ થયેલ અરજદારના કુટુંબને આ કોર્ટની દરમ્યાનગીરીથી ન્યાય મળેલ છે.